**ક્રમાંક–૧૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**સોમવાર, તા. ૯મી માર્ચ, ૨૦૨૬**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. ભારતીય ક્રિકેટ ટીમને શુભેચ્છા**

ગઇકાલે અમદાવાદ ખાતે T-20 વર્લ્ડકપ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનવા બદલ ભારતીય ક્રિકેટ ટીમને સૌ ધારાસભ્યશ્રીઓ અને ગુજરાતની જનતા વતી માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહમાં અભિનંદન પાઠવ્યા.

**૨. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા ૯મી માર્ચ, ૨૦૨૬ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩ અને ૧૪ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૧૧ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ– ૧૫થી ૭૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

''**સભાગૃહમાં વાંચીને પ્રવચન ન કરવા અંગે.**''

વિધાનસભા ગૃહમાં કેટલાક સભ્યશ્રીઓ વાંચીને પ્રશ્નો પૂછતા હોવાથી તેમજ માનનીય મંત્રીશ્રીઓ દ્વારા વાંચીને જવાબ આપવામાં આવતો હોવાથી વિધાનસભાના નિયમોના નિયમ–૩૮ નો ઉલ્લેખ કરી માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભાગૃહમાં પ્રવચન વાંચી શકાતું નથી તેમજ હાઉસ ઓફ કોમન્સની સંસદીય પ્રણાલીને ભારતના સંસદગૃહો તથા અન્ય રાજ્યોની ધારાસભાઓ અને આપણી વિધાનસભાએ સ્વીકારેલી હોવાથી પણ સભ્યશ્રીઓએ તેમનું પ્રવચન તેમજ પૂરક પ્રશ્નો વાંચીને રજૂ કરવા દેવામાં આવતા નથી તેમજ લોકસભાના નિયમોના નિયમ–૩૫૨(૧૧)ની જોગવાઇ મુજબ લોકસભામાં પણ પ્રવચન વાંચવા દેવામાં આવતું ન હોવાનું જણાવી વિધાનસભાના નિયમો અને આપણી પ્રણાલિકાને વળગી રહીને આપણી સંસદીય પરંપરાઓમાં બાધ ન આવે તે આશયથી માનનીય સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ ટેબ્લેટની અંદરથી ફક્ત મુદ્દાઓનું વાંચન કરી શકે, પરંતુ આખેઆખું પ્રવચન ન વાંચવા સભાગૃહના સૌ સભ્યો તેમજ માનનીય મંત્રીશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૪. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**છપાયેલા પ્રશ્ન પૂછવા તેમજ તેના જવાબ આપવા અંગે**

વિધાનસભાના નિયમોના નિયમ–૭૮ મુજબ પ્રશ્ન તેમજ તેના જવાબ લેખિતમાં છાપેલા હોવા છતા સભ્યશ્રીઓ દ્વારા તે પ્રશ્ન પૂછવા અંગે તેમજ મંત્રીશ્રી દ્વારા તેનો જવાબ આપવા અંગેનો સભ્યશ્રી શૈલેષ પરમારે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતાં, સભાગૃહનો સમય વ્યતિત ન થાય તે માટે પ્રશ્નો તેમજ જવાબ લેખિતમાં છપાયેલ હોય તે સિવાયના જ પૂરક પ્રશ્નો પૂછવા માન.સભ્યશ્રીઓને અને તેના જ જવાબો આપવા માન.મંત્રીશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૫. શોકદર્શક ઉલ્લેખ**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી અને વિદ્યમાન સભ્ય સ્વ. ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી ડૉ.તુષાર ચૌધરી, શ્રી જગદીશ વિશ્વકર્મા, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી રમણભાઇ સોલંકી, શ્રી અમિત ચાવડા, શ્રી ધવલસિંહ ઝાલા એ શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઊભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેમ જણાવ્યું

**૬ સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે.**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે ગુજરાત વિધાનસભાના વિદ્યમાન સભ્ય અને પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.ગોવિંદભાઇ રઇજીભાઇ પરમારના માનમાં વિધાનસભાની પરંપરા મુજબ સભાગૃહની બેઠકનું કામકાજ મુલતવી રાખવા અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે સમર્થન કરતાં તદ્દનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક મુલતવી રાખી.

**સભાગૃહ, મંગળવાર તા. ૧૦મી માર્ચ, ૨૦૨૬ના રોજ સવારના ૯-૦૦વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧-૨૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૯મી માર્ચ, ૨૦૨૫

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.